# ૐ કારનો અસ્વિકાર કેમ ?

સ્વામી જગદીશ યદુનાથ

ઓમ = વૈદિક મંત્રોચ્ચારના આરંભનો ઉદ્‌ગાર ૐકાર

આં = આંકાર મંત્રયુક્ત ઈશ્વરનું નામ – પૌરાણિક શબ્દકોશ

વ્યાહ્રતિ = ત્રણ અથવા સાત લોક વિષયક મંત્ર

૨ = ભઃ ભુવઃ સ્વઃ એ ત્રણ પવિત્ર શબ્દ : ત્રણ ગૂઢ શબ્દ; આ આહુતિ ગાયત્રીની પહેલાં અને ૐકાર પછી ઉચ્ચારવામાં આવે છે. પ્રજાપતિએ વેદનું દોહન કર્યા પછી આ ત્રણ શબ્દ; ભૂઃ ઋગ્વેદમાંથી, ભુવઃ યજુર્વેદમાંથી અને સ્વઃ સામવેદમાંથી શોધી મહેલ છે. કેટલાક મદઃ એમ ચોથો શબ્દ અર્થવવેદમાંથી ઉમેરે છે.

પ્રણવ અને ત્રણ વ્યાહ્રતિ સહિત ગાયત્રીનું ઉચ્ચારણ કરતા પ્રાણ અને અપાનથી સમતા કરવારૂપ ત્રણ પ્રાણાયામ કરે તો સામાન્ય સ્નાન કર્યા છતાં પણ વિધિ સહિત સ્નાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ભગવદ્રોમંડલ–

| નામ | મંત્ર |
|---|---|
| ૧. ઉપાસના માર્ગની વસ્તુ છે | ૧. સાધનાના પંથમાં આવે |
| ૨. અહંકાર નાશ પામે | ૨. કર્માંતર માર્ગ છે. |
| ૩. સમર્પિત થવું પડે | ૩. મંત્રના પ્રકાર હોય, અધિષ્ઠાતા-દેવ હોય ઋષિ હોય કિલક(ખીલો) હોય વિનિયોગ હોય-જેમાં જોડાય તે |
| ૪. પ્રેમ ભક્તિમાં નામ મળે | ૪. મંત્રથી દેવ જન્મે અને વિસર્જન થાય એટલે કે પાછા મોકલવા પડે હનુમાનજી વિગેરેનું આહ્વાન કર્યું તેમને પહોંચાડવા પડે |
| ૫. નામ આધાર બને જે આધાર આપણને પરમાત્મા સુધી પહોંચાડે વિશ્વામિત્રને દશરથ પાસે રામની મદદ લેવા જવું પડ્યું જ્યારે શબરી, અહલ્યાને વિગેરેને ઘેર બેઠાં રામ પ્રાપ્તિ થઈ. | ૫. સિદ્ધ કરવો પડે જેમાં જપ આવે હોમ યજ્ઞ આવે. |

ઓંકાર-(સં-અ(વિરાર)+ઉ(હિરણ્યગર્ભ)+મૂ(અંતર્યામી)+કાર(ઉચ્ચાર)

Created by Universal Document Converter

અકાર, ઉકારને મકારથી સૃષ્ટિ, સ્થિતિ અને લયકાળના વિરાટ હિરણ્યગર્ભ અને અંતર્યામી એ ત્રણેનું ચિંત્વન એકઠું કરી એકાક્ષર વડે નિર્વિકાર તુરીય અથવા ચોથા સ્વરૂપની કરવામાં આવતી ભાવના; ૐકાર.
૨-અક્ષર બ્રહ્મ ૩-ઓમ્ એવો અક્ષર અને તેનો ઉચ્ચાર, ૬-પરમેશ્વર, ૭-પ્રણવમંત્ર - ભગવદ્રોમંડલ

शार्दुल विक्रीडित

इतर कर्मभलानी येद्देच्छया । विलिखत तानि सहे चतुरानन ।।
अरसिकेषु कविता निवे दनमं । शिरथी नालिखना लिख सा लिख ।।१।।

अपनी अपनी जानमें । सब कोई भये लोलीन ।।
आपो न छूटे जीवणा । ज्यूं पाणीको मीन ।।४५।।
अपनी अपनी जानमें । सब हो बेठे मीर ।।
रामनाथ बिन जीवणा । जम द्वारे भई भीर ।।४६।।
वण त्रिखा पाणी पीये । वण क्षुधा खाये खीर ।।
गुरु मुख छांडी हरिभजे । जीवण सो बेपीर ।।४७।।

જેને સલાહની જરૂર નથી તે શા માટે માથું ફોડવા આવે છે. જિજ્ઞાસુઓ માટે રજૂઆત કરું છું. હું અમેરીકામાં નાસા સેન્ટરમાં દર વખતે જાઉ છું. ત્યાં બે મિનિટ કે પાંચ કે દસ મિનિટના શો માટ ટી.વી. મૂકેલા હોય છે મેં એક ટી.વી.માં જોયું છે. How Plantes take birth, How they live and How they die તેમને જન્મ આપનાર વિષે કોઈ માહિતી નથી. વણમાળા પર અક્ષરોથી વર્ણન ના કરી શકાય તેવું અવર્ણનીય સૃષ્ટિનું રહસ્ય છે. વર્ણમાળાના ઓમકાર કે રરંકારનો ઝઘડો કરવાથી સત્ય મળે નહીં. સદ્ગુરુ જીવણદાસજી મહારાજે દુનિયામાં ચાલતી અંધશ્રદ્ધાનો વિરોધ કર્યો છે. સાત શાહુકાર ચોરોમાં ઓમકારને શાહુકાર ચોર White thief સફેદ જૂઠ ગણાવે છે. ब्रह्म सत्य जगत मिथ्या જગતમાં બધું જ સત્ય છે. સત્ય કોને કહેવું અને અસત્ય કોને કહેવું આ જગત જ નાશવંત છે પણ જગત જેવું કંઈક છે જ માટે કશું જ અસત્ય નથી.

बावन अक्षरमां जीवणा । एक अक्षर तत्त्व सार ।।
ममा पहेलो जे लख्यो । तेनो वेद न पावे पार ।।१०९।।

વ્યાહતિ એ ઓમકાર વિગેરે મંત્રના બીજ ગણાય છે. મંત્રો બે પ્રકારના હોય છે એક બીજવાળા અને બીજા બીજ વગરના. બીજ હોય તો છોડ ઊગે. મંત્રોથી કર્મ બંધન લાગે છે ભલે તે બીજવાળા હોય કે બીજ વગરના હોય. સદ્ગુરુ જીવણજી મહારાજે કર્મ

Created by Universal Document Converter

બંધનોથી મુક્ત કર્યા છે. વ્યાહૃતિઓ ઓમકાર ૐ કલીંગ...વિગેરે વ્યાહૃતિઓ છે તે વ્યાહૃતિઓનો કોઈ અર્થ હોતો નથી. પણ મંત્રો માટે તે જરૂરી હોય છે. ૐકાર શૈવ માર્ગ યોગ માર્ગમાં વપરાય છે. જ્યારે રામને માટે ઓપ વપરાતો નથી. રામની સાધનાવાળા રામને માટે રાં રામાય નમઃ એવું વ્યાહૃતિ વાપરે છે. રિદ્રોલ મુકામે રામજી મંદિરમાં આવું રાં રામાય નમઃ એવું લખ્યું છે.

જીવણજી મહારાજે બીજ વગરની ભક્તિ આપી છે. બીજ પણ ફળ ના મળે પણ આપણા માટે ખૂબી છે કે બીજ વગર જ આપણે ભક્તિ રૂપી ફળ મેળવી શકીએ છે.

वण वरषाये ऊगही । वण धरती वण बीज ।।
भक्ति ऐसी जीवणा । वण बीजे सो बीज ।।१५।।

सुतेषु किं बहुना

શુભનમસ્તુ

**સ્વામી જગદીશ યદુનાથ**

Created by Universal Document Converter